




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-16 ■ તા. 12-04-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### કુલ સંક્રમિતોનો આંકડો ૪૩૨,મૃત્યુઆંક ૧૯ અને ૩૪ લોકો સ્વસ્થ થયા

# ગુજરાતમાં કોરોના વિસ્ફોટ: વધુ ૫૪ પોઝિટિવ કેસ સાથે આંકડો ૪૦૦ને પાર

**એકલા અમદાવાદમાં જ કોરોનાના પોઝિટિવ કેસો ૨૦૦ને પાર થતાં સરકાર ચિંતિત,૧૨૪ પોઝિટિવ અને ૧૧૮૭ નેગેટિવ આવ્યા છે, જ્યારે ૨૮૨ ટેસ્ટ પેન્ડિંગ,અમદાવાદમાં કોરોનાના હોટસ્ટપોટ વિસ્તારો ડેન્જર બની રહ્યાં છે,સરકાર કહેછે કે ચિંતાની વાત નથી અને રોજેરોજ કેસો વધી રહ્યાં છે**

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં કોરોના મહામારીના કેસોની વણઝાર જાણે થંભવાનું નામ ન લેતી હોય તેમ આજે પણ નવા ૫૪ પોઝીટીવ કેસો બહાર આવ્યાં હતા. ૫૪માંથી ૩૧ કેસ તો એકલા અમદાવાદમાંથી બહાર આવ્યાં હતા. આમ એક રીતે જોઈએ તો અમદાવાદમાં કોરોનાના હોટસ્ટપોટ વિસ્તારો ડેન્જર બની રહ્યાં હોય તેવું બિહામણુ ચિત્ર બહાર આવી રહ્યું છે. સરકારે ગઈકાલે એમ કહ્યું કે કેસો વધશે પરંતુ ચિંતાની કોઈ બાબત નથી. તેમ છતાં રોજેરોજ ૫૦-૫૦ કેસો બહાર આવી રહ્યાં હોય ત્યારે લોકો ચિંતિત થાય તે સ્વાભાવિક છે. કોરોનાના કેસો નવા નવા વિસ્તારો અને નવા નવા જિલ્લાઓમાંથી બહાર આવી રહ્યાં છે તે પણ ખતરની ઘંટી સમાન કહી શકાય. હાલમાં એક લાખ કરતાં વધુ લોકો હોટસ્પોટ વિસ્તારોમાં બંધ છે.રાજ્યમાં સતત કોરોના પોઝિટિવ કેસોમાં વધારો થઈ રહ્યાની વચ્ચે. કોરોનાની વિગતો આપતા આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે , રાજ્યમાં નવા ૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૧ કેસ અમદાવાદમાં, ૧૮ કેસ વડોદરામાં, ૩ કેસ આણંદમાં, સુરત અને ભાવનગરમાં ૧-૧ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૪૩૨એ પહોંચ્યો છે. જ્યારે ૧૯ લોકોના મોત નીપજ્યા છે. તો ૩૪ લોકો સાજા થયા છે.

આણંદ જિલ્લાના ખંભાતમાં એક પોઝિટિવ કેસ નોંધાયો છે. નોંધનીય છેકે, ક્લસ્ટર કરવામા આવેલા વિસ્તારોની સાથે સાથે હવે ભરૂચ જેવા નવા જિલ્લાઓમાં પણ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૨૪ પોઝિટિવ અને ૧૧૮૭ નેગેટિવ આવ્યા છે, જ્યારે ૨૮૨ ટેસ્ટ પેન્ડિંગ છે.

કોરોના વાયરસનો કુલ આંક ૪૩૨ પર પહોંચી ગયો છે. જેમાં ૩૭૯ કેસ એક્ટીવ અને ૩ લોકો વેન્ટીલેટર પર હોવાનું જણાવ્યું છે. તમામ દર્દીઓમાં ૩૭૬ લોકોની હાલત સ્થિર છે. જ્યારે ૩૪ લોકો સારવાર બાદ સાજા થયા છે. રાજ્યભરમાં ૮૩૩૧ ટેસ્ટમાંથી ૪૩૨ પોઝિટિવ અને ૭૬૧૭ નેગેટિવ આવ્યા હોવાનું જણાવ્યું છે, જ્યારે ૨૮૨ સેમ્પલનો રિપોર્ટ આવવાના બાકી છે.અમદાવાદનો કુલ આંકડો ૨૨૮એ પહોંચ્યો છે. અમદાવાદમાં શુક્રવાર સવારથી સાંજના છ કલાક સુધીમાં ૫૩૯ સર્વે કરાયાં હતાં તે પૈકી ૪૪ લોકો કોરોના પોઝિટિવ જણાયાં હતાં. આમ લગભગ કુલ શંકાસ્પદ લોકો પૈકી ૧૦ ટકા લોકો પોઝિટિવ જણાય છે. હજુ પણ આ વિસ્તારોમાં કામગીરી યથાવત્ રહેશે, પરંતુ હવે નવાં વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે. શહેરોમાં જે વિસ્તારોમાં કોઈ કેસ નોંધાયો નથી તેવા વિસ્તારોમાં પણ ટેસ્ટિંગ કરીને ત્યાં પણ રોગના અટકાવ માટેની કામગીરી કરવામાં આવશે. સોલા સિવિલને ટેસ્ટ માટે પરવાનગી મળી અમદાવાદની એસવીપી હોસ્પિટલ બાદ હવે સોલા સિવિલ હોસ્પિટલને પણ કોરોના માટેના ટેસ્ટિંગની પરવાનગી મળી ગઈ છે. આ સેન્ટર પર રોજના ૧૫૦ ટેસ્ટ થઈ શકશે.

હાલ કોરોના પોઝિટિવ દર્દીઓને સોલા સિવિલમાં પણ રાખવામાં આવ્યાં છે.હાલ ગુજરાતમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ સર્વે કરી રહ્યાં છે તે દરમિયાન ૬૦,૦૦૦ લોકો તાવ-શરદી-કફ જેવાં ઈન્ફલુએન્ઝા બિમારીના લક્ષણોવાળા જણાયાં હતાં. તો શ્વસનતંત્રની ગંભીર



બિમારીઓ ધરાવતાં પણ કેટલાંક લોકો ધ્યાને આવ્યાં છે. આવાં લોકો પર આરોગ્યવિભાગની ખાસ નજર રહેશે. આ તમામ દર્દીઓને સંપૂર્ણપણે હોમ ક્વોરન્ટાઈનનું પાલન કરવાની સલાહ અપાઈ છે.

---

### અત્યાર સુધી ૭૪૪૭ પોઝિટિવ કેસ નોંધાયા,કુલ ૨૩૯ના મોત

# છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૧૦૩૫ કેસ, ૪૦ લોકોના મોત



ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતમાં કોરોના વાયરસ ઝડપથી પ્રસરી રહ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ થી અત્યાર સુધી ૨૩૯ લોકોનાં મોત નીપજ્યાં છે અને કોરોના ચેપનાં ૭,૪૪૭ કેસ નોંધાયા છે. શનિવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા છેલ્લા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના કુલ ૧,૦૩૫ નવા કેસ સામે આવ્યા છે અને ૪૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં આ સૌથી વધુ કેસો અને મૃત્યુની સંખ્યા છે. જો કે, થોડી રાહત છે કે આ રોગથી અત્યાર સુધીમાં ૬૪૩ લોકો ઠીક થયા છે. આપને જણાવી દઈએ કે, દેશમાં કોરોનાનાં વધતા જતા મામલાને ધ્યાનમાં રાખીને ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે અને તે ૧૪ એપ્રિલ સુધી રહેશે. આજે મહારાષ્ટ્રમાં ૯૨, ગુજરાતમાં ૫૪, રાજસ્થાનમાં ૧૮, કર્ણાટકમાં સાત, ઉત્તર પ્રદેશમાં છ અને ઝારખંડમાં ત્રણ નવા કેસ સામે આવ્યા છે.દિલ્હીમાં ઈલાજ માટે ચલાવવામાં આવતા ઓપરેશન શીલ્ડથી રાજધાનીના દિલશાદ ગાર્ડનને સંક્રમણમુક્ત કરવામાં સફળતા મળી છે.કોરોના સંક્રમિત દર્દીઓના ઈલાજ માટે પૂર્વોત્તર રેલવેએ ૫૦ કોચને આઈસોલેશન વોર્ડમાં તબદિલ કર્યા છે. ૩૮ જેટલા સામાન્ય કોચોને અને લખનઉ સ્થિત એશબાગ કોચિંગ ડિપોમાં ૧૨ સામાન્ય કોચને ફક્ત પાંચ દિવસમાં આઈસોલેશન વોર્ડમાં તબદિલ કર્યા છે.

---

# ઈપીએફઓએ ૧.૩૭ લાખ પીએફના દાવાઓની ચૂકવણી કરી

ન્યુ દિલ્હી,તા.૧૧

એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝરેએ કહ્યું હતું કે ફંડે કર્મચારીઓના ૧.૩૭ લાખના દાવાઓની ચુકવણી કરી છે. આ કર્મચારીઓના ઉપાડ થકી ઈપીએફઓએ રૂ. ૨૮૦ કરોડની ચુકવણી કરી છે. લોકડાઉન દરમ્યાન ઈપીએફઓએ સબસ્ક્રાઈબર્સને આનાથી મોટી રાહત મળી છે. લેબર મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે કોરોના વાઈરસ સામેના જંગમાં સબસ્ક્રાઈબર્સ માટે વિશેષ જોગવાઈ હેઠળ રૂ. ૨૭૯.૬૫ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.

ઈપીએફઓના નિવેદન મુજબ પૈસા પહેલેથી જ સબસ્ક્રાઈબર્સનાં ખાતાઓમાં મોકલવાનું શરૂ થઈ ગયું છે. ઈપીએફઓએ છેલ્લા ૧૦ દિવસમાં આ દાવાઓની ચુકવણી કરી છે. વર્તમાન સિસ્ટમ એ તમામ અરજીઓની પ્રક્રિયા ૭૨ કલાકથી ઓછા સમયમાં થઈ ગઈ છે, જેમની કેવાયસી થઈ ચૂકી છે. બીજી શ્રેણીમાં દાવો કરનારા સબસ્કાઈબર્સ પણ આ રોગચાળો સામે લડવા માટે




પોવિડન્ટ ફંડને ઉપાડી શકે છે. લેબર મંત્રાલય તેમના દાવાની પ્રક્રિયા શક્ય તેટલી ઝડપી બને એ માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.કોરોના વાયરસ સામે લડવા માટે ઈપીએફમાંથી વિશેષ ઉપાડની જોગવાઈ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો હિસ્સો છે, જે સરકારે જાહેર કરી હતી. પેરા ૬૮ એલ (૩) ને ૨૮ માર્ચ, ૨૦૨૦ ના રોજ ઈપીએફ યોજનામાં ઉમેરવામાં આવ્યો હતો.

આ જોગવાઈ હેઠળ, ત્રણ મહિનાના બેઝિક પગાર અને મોંઘવારી ભથ્થું અથવા ઈપીએફ ખાતામાં જમા કરાયેલ ૭૫ ચકા રકમ- જે પણ ઓછી હશે એ દાવા હેઠળ મળી શકશે. આ ઉપાડની રકમ પરત કરવાની જરૂર રહેશે નહીં. મંત્રાલયે કહ્યું હતું કે આ રકમ પર ઈક્રમ ટેક્સ કાપ પણ નહીં થાય.

---

### પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સિંહનું નિવેદન

# સપ્ટેમ્બરમાં ભારતની ૫૮% વસતી કોરોનાના ભરડામાં આવે તેવી સંભાવના

ચંડીગઢ,તા.૧૧

કોરોના વાયરસના સંક્રમણને જોતા લોકડાઉન વધારવાને લઈ આજે મોદી સરકાર નિર્ણય લઈ શકે તેવી સંભાવના છે. ત્યારે આ બધાની વચ્ચે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના નેતૃત્વમાં થયેલી પંજાબ કેબિનેટની બેઠકમાં તેમણે પહેલી મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો હતો. આ વીડિયો કોન્ફરન્સિંગ દરમ્યાન પંજાબના મુખ્યમંત્રીએ ચોંકાવનારી માહિતી આપી હતી.

જી હા તેમણે સ્વાસ્થ્ય નિષ્ણાતોની વાત ટાંકતા કહ્યું હતું કે આવનારા સમયમાં કોરોના વાયરસની સ્થિતિ વધુ ખતરનાક થઈ શકે છે. તેમણે કહ્યું કે અમારા કેટલાક સીનિયર અને ટોપ મેડિકલ ઓફિસર્સે આ અંગે ચિંતા વ્યક્ત કરી છે કે આ મહામારી સપ્ટેમ્બરના મધ્ય સુધીમાં ચરમસીમાએ પહોંચશે.



આ વાયરસના કારણે દેશની ૫૮ ટકા વસતી સંક્રમિત થઈ જશે. જ્યારે પંજાબમાં ૮૦ ટકાથી વધુ લોકો પ્રભાવિત થશે.

તેમણે જણાવ્યું કે "અત્યાર સુધીમાં પંજાબમાં કોવિડ-૧૯ના ૧૩૨ કેસની પુષ્ટિ થઈ છે. જેમાંથી ૧૧ લોકોના મોત થયા છે.

અત્યાર સુધી ભેગા કરાયેલા નમૂનાની કુલ સંખ્યા ૨૮૭૭ છે.અત્યાર સુધી અમારી પાસે ૬૫૧ લોકો છે જે દિલ્હીના નિઝામુદ્દીનથી પંજાબ આવ્યાં.

અમે તેમાંથી ૬૩૬ની ભાળ મેળવી લીધી છે. ૧૫ની ભાળ મેળવવાની હજુ બાકી છે. અમે તેમને શોધી રહ્યા છીએ.

ઉલ્લેખનીય છે કે પંજાબના મુખ્ય સચિવ કેબીએસ સિદ્ધુએ કહ્યું કે પંજાબના મંત્રીમંડળે લોકડાઉન/કરફ્યૂને ૩૦ એપ્રિલ/૧ મે સુધી વધારવાનો નિર્ણય લીધો છે. જ્યારે દેશમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન ચાલુ છે.

---

### વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ચેતવણી આપતાં કહ્યુ,

# કોરોનાના કારણે લગાવેલા પ્રતિબંધોને હટાવવાની ઉતાવળ જીવલેણ સાબિત થઈ શકે છે

જિનિવા,તા.૧૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ ચેતવણી આપતા કહ્યું કે કોરોના વાયરસને કાબુમા લેવા માટે લગાવેલા પ્રતિબંધોને હટાવવામાં જો ઉતાવળ કરવામાં આવશે તો તેના પરિણામ ખૂબ જ ખતરનાક અને જીવલેણ સાબિત થઈ શકે છે. ડબલ્યુએચઓના પ્રમુખ ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયાસસે જિનીવામાં એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, દરેક દેશની જેમ ડબલ્યુએચઓ પણ કોરોનાના કારણે લગાવવામાં આવેલા પ્રતિબંધો હટી જાય તેવું જોવા માટે ઈચ્છે છે. પરંતુ આ મામલે ઉતાવળ દર્શાવવામાં આવશે તો તેના પરિણામ ખૂબ જ ભયંકર આવી શકે છે. જો આ આપણે યોગ્ય રીતે આ મુશ્કેલી સામે નહીં લડીએ તો તેના ખૂબ માઠા પરિણામ આવી શકે છે.વિદેશ તેમજ રાષ્ટ્રમંડળ




મંત્રાલયમાં દક્ષિણ એશિયા તથા રાષ્ટ્રમંડળ કેસના રાજ્યમંત્રી લોર્ડ તારિક અહેમદનું કહેવું છે કે, બ્રિટન અને ભારત કોવિડ ૧૯ના ખતરા સામે લડવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. દવા મોકલવા માટે બ્રિટન સરકાર તરફથી હું ભારત સરકારનો આભાર વ્યક્ત કરું છું. તેમણે કહ્યું કે દરિયા મારફતે રવિવારના રોજ દવાનો જથ્થો અમારા સુધી પહોંચી ગયો હતો.

નોંધનીય છે કે દુનિયાભરમાં આ બીમારીના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા એક લાખને ઓળંગી ગઈ છે. ચીનમાં ડિસેમ્બરમાં કોરોનાનો પહેલો કેસ નોંધાયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં વિશ્વના ૧૯૩ જેટલા દેશોમાં ૧૬,૪૯,૦૦૦થી વધારે લોકો કોરોના વાયરસના સંક્રમણમાં આવી ચૂક્યા છે. ઈટાલીમાં પણ આ બીમારીના કારણે અત્યાર સુધીમાં ૧૮,૦૦૦થી વધુ લોકોના મોત થયા છે.

---

# ચીનના વેટ માર્કેટને બંધ કરવા અમેરિકી સાંસદોની માંગ

વોશિંગ્ટન,તા.૧૧

કોરોના વાયરસ વિશ્વભરમાં ફેલાયો તેના માટે કથિત રીતે ચીનના વેટ માર્કેટને દોષિત માનવામાં આવે છે. ચીનમાં સ્થિતિ સુધર્યા બાદ હવે ફરીથી વેટ માર્કેટને ખોલી દેવામાં આવ્યું છે. ત્યારે અમેરિકી સાંસદોના એક સમૂહે કહ્યું કે, તેઓ પોતાના તમામ પશુ બજારોને જલ્દી જ બંધ કરી દે. કારણ કે ત્યાંથી જ જાનવરોની બિમારી માણસો સુધી પહોંચવાનું મોટું જોખમ છે.

વેટ માર્કેટ કહેવાતા બજારોમાં વિભિન્ન પ્રકારના તાજા માંસની સાથે સ્તનપાયી, માછલીઓ સહિત કેટલાક જીવો જીવતા વેચવામાં આવે છે. અમેરિકામાં ચીનના રાજદૂત ક્યુઈ તિનાકાઈને લખેલા પત્રમાં સેનેટરોએ કહ્યું કે, અમે પત્રમાં ચીનથી આ અનુરોધ કરીએ છીએ કે, વેટ બજારોને તાત્કાલીક બંધ કરે, કારણ કે આનાથી પશુઓની બીમારીઓ લોકો સુધી પહોંચવાનું જોખમ છે.તેમણે કહ્યું કે ચીનના સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનના ડિરેક્ટર ગાઓ ફૂ એ માન્યું છે કે, નવા કોરોના વાયરસનો સ્ત્રોત ચીનના વુહાનમાં સી ફૂડ બજારમાં ગેરકાયદેસર રીતે વેચવામાં આવી રહેલા જીવ છે. સેનેટરોએ કહ્યું કે, દસ્તાવેજોમાં એ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ છે કે ચીનના વેટ બજારમાં દુનિયાભરમાં સ્વાસ્થ્ય સંબંધી ઘણી સમસ્યાઓના સ્ત્રોત રહેલા છે અને તેને તુરંત જ રોકવા જોઈએ કે જેથી લોકોને સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓથી બચાવી શકાય.

---

### લોકડાઉનમાં દિલ્હી પોલીસની કામગીરીની કોહલી અને ઈશાંત શર્માએ કરી પ્રશંસા

નવી દિલ્હી,તા.૧૧

દેશમાં લાગુ કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનનો આજે ૧૮મો દિવસ છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલી અને ફાસ્ટ બોલર ઈશાંત શર્માએ લોકડાઉન દરમિયાન પોલીસની કામગીરીની પ્રશંસા કરી છે. એક વીડિયોમાં દિલ્હી પોલીસની પ્રશંસા કરતા કોહલી અને ઈશાંતે ઘણી વાતો કહી હતી.વિરાટે વીડિયોના માધ્યમથી કહ્યું, આ મુશ્કેલ સમયમાં દેશભરની પોલીસને લોકો મદદ કરી રહ્યા છે તે જાણવું મારા માટે ગર્વની વાત છે. તેમણે કહ્યું કે, હું દિલ્હી પોલીસના પ્રયાસોનો આભાર માનીશ કે તેઓ ન માત્ર ઈમાનદારીથી તેમની ફરજ નિભાવી રહ્યા છે પરંતુ ગરીબ લોકો સુધી જમવાનું પણ પહોંચાડી રહ્યા છે.

---

### કોરોના સંકટ બાદ વૈશ્વિક અર્થતંત્રને બહાર કાઢવાની સલાહ આપશે

# આઈએમએફની સલાહકાર ગ્રુપની રચના: રઘુરામ રાજનનો સમાવેશ

ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે ભારત સહિત સમગ્ર વિશ્વના અર્થતંત્રમાં સુસ્તી નજરે પડી રહી છે. જેમાંથી બહાર નીકળવા માટે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળએ સલાહકાર ગ્રુપની રચના કરી છે. જેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગર્વનર રઘુરામ રાજને પણ સામેલ કરવામાં આવ્યા છે.આઈએમએફ પ્રમુખને સલાહકારોનું આ ગ્રુપ કોરોના સંકટ બાદ વૈશ્વિક અર્થતંત્રને બહાર કાઢવાની સલાહ આપશે. આ ઉપરાંત વિશ્વભરમાં થઈ રહેલા બદલાવ અને નીતિગત મુદ્દાની સમીક્ષા કરીને તેમનો મત વ્યક્ત કરશે. આઈએમએફ પ્રમુખ જોર્જીવાએ કહ્યું, કોરોના વાયરસ મહામારીના કારણે સામે આવી રહેલા પડકારોનો સભ્ય દેશો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે નક્કર પગલા લેવાની જરૂર છે.

તેમણે કહ્યું, અમારે આઈએમએફના અંદરના સ્ત્રોતની સાથે બહારના સ્ત્રોતોના ગુણવત્તાસભર અભિપ્રાય અને વિશેષજ્ઞતાની જરૂર છે. આ દિશામાં સેવા પ્રદાન કરવા માટે ઉચ્ચ નીતિગત અનુભવવાળા લોકોથી લઈ બજાર અને ખાનગી ક્ષેત્રના વિશેષજ્ઞ સહમત થયા તેની મને ખુશી છે.રઘુરામ રાજન ત્રણ વર્ષ માટે ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર રહી ચુક્યા છે. હાલ તેઓ શિકાગો યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.

## તંત્રી લેખ

# શરમજનક કાર્યવાહી

સમગ્ર દેશ કોરોના સામે લડાઈ લડી રહ્યો છે, ભારતમાં સૌથી વધુ કોરોનાના કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. કોરોના સામે મહારાષ્ટ્ર સરકાર દરેક મોરચે લડાઈ લડી રહી છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે દર બેથી ત્રણ દિવસે ટીવી પર લાઈવ આવીને મહારાષ્ટ્રના નાગરિકોને દિલાસો આપી રહ્યા છે. હિંમત બંધાવી રહ્યા છે. સરકાર આવા સમયે તમારી પડખે ઊભી છે એવી અનુભૂતિ કરાવી રહ્યા છે. કોરોના સામેની લડાઈમાં મહારાષ્ટ્રે એક નવા ઉદ્ધવ ઠાકરેને અનુભવ્યા છે, પરંતુ ઉદ્ધવની બધી મહેનત પર એક નાની ભૂલથી પાણી ફરી વળ્યું છે. ડીએચએફએલ, પીએમસી અને યસ બેંક ગોટાળામાં જેમની સામે કેસ ચાલી રહ્યા છે તે વાધવાન પરિવારના બે ભાઈઓને સરકાર દ્વારા મહાબળેશ્વર ફરવા જવા માટે આપવામાં આવેલી છૂટનો વિવાદ વકર્યો છે. વાધવાન ભાઈઓ સામે યસ બેંક ગોટાળા સંબંધે ઈડીએ ત્રણ વખત સમન્સ મોકલ્યા છે. ઈડીના નિયમ પ્રમાણે જો કોઈ ત્રણ વખત સમન્સ મોકલવા છતાં હાજર ન થાય તો તેને ભાગેડુ જાહેર કરવામાં આવે છે. વળી સીબીઆઈ પણ વાધવાન ભાઈઓની પૂછપરછ કરી રહી છે. એવામાં ગૃહ સચિવ અમિતાભ ગુપ્તાએ વાધવાન ભાઈઓને સપરિવાર પર્યટન માટે જવાની તેમ જ તેમના વાહનોને વિશેષ પરવાનગી આપતા પત્ર આપ્યા છે અને એ મીડિયામાં આવી જતાં મામલો વિવાદમાં છે. ગુપ્તા પોતે ગૃહ સચિવ છે અને સીબીઆઈ અને ઈડીએ વાધવાન ભાઈઓની સામેના બિનજામીન પાત્ર વોરન્ટ તેમ જ ભાગેડુ હોવાની વાત ખબર જ હોય, કેમ કે સીબીઆઈ અને ઈડી તમામ પત્રવ્યવહાર ગૃહ સચિવ સાથે જ કરતાં હોય છે, આથી આરોપીઓ સામે હજુ ગુનાકીય તપાસ ચાલુ છે, એ અમિતાભ ગુપ્તાને ખબર જ હોય. તેમનું કામ હતું કે આરોપીઓ વિશે માહિતી મળી કે તરત જ ઈડી યા સીબીઆઈને જાણ કરી અને તેમને બંને એજન્સીઓને સોંપવા જોઈએ તેને બદલે અમિતાભ ગુપ્તાએ આરોપીઓ ભાગેડુ છે ત્યારે તેમને વીઆઈપી ટ્રીટમેન્ટ કોના ઈશારે આપી છે એ પ્રશ્ન છે? લોકડાઉનના સમયમાં આપણે એવા કેટલાય સમાચાર જોયા છે જેમાં એકાદ પરિવારમાં કોઈનું મોત થયું હોય તો પણ તેમને મરણોત્તરવિધિ પૂરી કરવા માટે પણ બીજા સગાસંબંધીઓને ભેગા થવા દેવાની પરવાનગી આપવામાં આવી નથી, એની સામે વાધવાન ભાઈઓને સેરસપાટા કોને ઈશારે કરવા મળી રહ્યા છે? લોકડાઉન સમયે સરકારનું બેવડું વલણ લોકોની સામે આવી રહ્યું છે. જોકે મોટા ભાગે વાધવાન પરિવારનો સંબંધ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના કેટલાક નેતાઓ સાથે વધુ છે. સરકારમાં શિવસેના અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ તેમ જ કૉંગ્રેસ સત્તામાં છે. અમિતાભ ગુપ્તાએ કોને ઈશારે આ કામ કર્યું છે તે શોધવાની જવાબદારી સરકારની છે. ઉદ્ધવ ઠાકરેએ અત્યાર સુધી લોકડાઉન સમયે ખૂબ સારું કામ કર્યું છે. હવે વાધવાન પ્રકરણ ઉદ્ધવને માથે એક મોટો ડાઘ સાબિત થયો છે. ઉદ્ધવ ઠાકરેએ હવે જવાબદારી લેવી પડશે અને જે લોકો આ કાંડ પાછળ સંડોવાયેલા હશે તેમને જનતા સમક્ષ લાવવા પડશે, જો એમ નહીં થાય તો આવનાર સમયમાં જ્યારે કોરોનાનો પ્રકોપ નહીંવત થઈ જશે એ સમયે શિવસેના સામે કપરો સમય સાબિત થશે. કેમ કે સમગ્ર કાંડની જવાબદારી એકલા ઉદ્ધવ ઠાકરે પર આવશે અને પોતાની જાન છોડાવવા માટે ઉદ્ધવે આ કાંડ પાછળના અધિકારીઓ, નેતાઓના નામ જાહેર કરવા જ પડશે એમાં શંકા નથી.

# કોરોના મહામારી: લૉકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાશે?

**મોટાભાગના મુખ્યમંત્રીઓએ વડાપ્રધાનને લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવવાની રજૂઆત કરી, કોરોના વિરુદ્ધ લડાઇ માટે રાજ્યોએ ટેસ્ટિંગ કિટ, તબીબી સાધનો, નાણાંકીય સહાયની માંગ કરી**



ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના મહામારીને ડામવા સમગ્ર ભારત ૨૧ દિવસના લોકડાઉનમાં બંધ છે અને ૧૪ એપ્રિલના રોજ તેની મુદત પૂરી થાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આજે વિડિયો કોન્ફરન્સ બેઠક યોજીને લોકડાઉનમાં વધારા અંગે તેમના સૂચનો માંગ્યા હતા. લગભગ તમામ મુખ્યમંત્રીઓએ કોરોના રોગચાળાના કેસોમાં સતત થઇ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાનને ૩૦ એપ્રિલ સુધી લોકડાઉનમાં વધારો કરવાનું ચૂચવ્યું હતું. જો કો ઓરિસ્સા અને પંજાબે ગઇકાલે જ સોકડાઉનની સમય મર્યદા ૧ મે સુધી લંબાવી દીધી હતી. આજે થયેલી ચર્ચા અંગે વડાપ્રધાન મોદી દેશને વિશ્વાસમાં લેવા આવતીકાલ ૧૨મીએ કે રવિવારે રાત્રે ફરીથી રાષ્ટ્ર જોગ સંબોધન કરીને લોકડાઉન વધારવા અંગેન જાહેરાત કરી શકે તેમ છે. આજની આ વિડિયો બેઠકમાં કેટલાક રાજ્યોએ કોરોના સામે લડવા ટેસ્ટીંગ કીટ, જરૂરી ઉપકરણ(પીપીઇ) સહિત અન્ય માંગણીઓ પણ વડાપ્રધાન સમક્ષ રજૂ કરી હતી. મોદીએ રાજ્યોને ખાતરી આપી હતી કે તઓ ચોવીસે કલાક ઉપલબ્ધ હોય છે તેથી જે ચીજવસ્તુઓની જરૂર હોય તેની યાદી અમને મોકલાશે તો તરત જ તેની વ્યવસ્થા કરાશે.

સૂત્રોએ કહ્યું કે વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સિંગથી ત્રીજી વખત વાત કરી હતી અને સામાન્ય લોકોને કોરોનાથી જાગૃત કરવા માટે પોતે માસ્ક લગાવીને વિડિયો કોન્ફરન્સ (વીસી) પર ચર્ચા કરી હતી.

નરેન્દ્ર મોદીએ શનિવારે મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી મુખ્યત્વે કોરોનાવાયરસના પ્રસારને રોકવા માટે ૨૧ દેશવ્યાપી લોકડાઉન અંગે પોતાનો પ્રતિસાદ લેવાના સંકેતો વચ્ચે શટડાઉનને અમુક મુક્તિઓ સાથે વધારી શકાય તેવા સંકેતો આપ્યા હતા.

વડા પ્રધાન મોદીએ મુખ્યમંત્રીઓને ખાતરી આપી હતી કે રાજ્યો દ્વારા આપવામાં આવેલા સૂચનો પર વિચાર કરવામાં આવશે. આ વીસી બેઠકમાં મુખ્યમંત્રીઓમાં અમરિંદરસિંહ (પંજાબ), મમતા બેનર્જી (પશ્ચિમ બંગાળ), ઉદ્ધવ ઠાકરે (મહારાષ્ટ્ર), યોગી આદિત્યનાથ (ઉત્તર પ્રદેશ), મનોહર લાલ ખટ્ટર (હરિયાણા), કે ચંદ્રશેખર રાવ (તેલંગાણા) અને નીતીશ કુમાર (બિહાર) શામેલ હતા.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વડા પ્રધાન મોદી સાથેની તેમની વીડિયો કોન્ફરન્સમાં ભારતભરમાં ૩૦ એપ્રિલ સુધીમાં લોકડાઉન વધારવાનું સૂચન કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્ય સરકારો પાસેથી વિવિધ પાસાઓ પર અભિપ્રાય માંગ્યા છે, જેમાં વધુ લોકોને અને સેવાઓમાંથી મુક્તિ આપવી જોઇએ કે કેમ તેની માહિતીનો સમાવેશ થાય છે.

સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલી વિડિઓ કોન્ફરન્સ, એવી સંભાવના વચ્ચે આવી છે કે કેન્દ્ર સરકાર કેટલાક સંભવિત છૂટછાટ સાથે દેશવ્યાપી લોકડાઉન લંબાવી શકે છે. ઘરેલુ માસ્ક પહેરેલા મોદીએ પોતાની શરૂઆતના સંબોધનમાં કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાનો માટે ૨૪૮૭ ઉપલબ્ધ છે અને તેઓ ગમે ત્યારે તેમનો સંપર્ક કરવા સ્વતંત્ર છે.દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે, જેઓ પોતાનો અભિપ્રાય જણાવવામાં સૌથી પહેલા હતા, તેઓએ કહ્યું કે લોકડાઉન લંબાવવાનો નિર્ણય રાષ્ટ્રીય નિર્ણય હોવો જોઈએ અને રાજ્યો પર છોડી દેવો ન જોઇએ.સૂત્રોના જણાવ્યાં મુજબ કેજરીવાલે કહ્યું હતું કે તેઓ હાલના ૨૧ મી દિવસીય લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવવાની તરફેણમાં છે. તેમણે એવી પણ હિમાયત પણ કરી હતી કે આ સમયે માર્ગ અને હવાઇ સહિતની પરિવહન સેવાઓમાં કોઈ છૂટછાટ ન આપવી જોઈએ. પંજાબ અને ઓડિશાએ મંગળવાર, ૧૪ એપ્રિલથી આગળ લોકડાઉન લંબાવવાની ઘોષણા કરી દીધી છે, જ્યારે વર્તમાન દેશમાં ૨૧-દિવસનું શટડાઉન સમાપ્ત થાય છે. આ બીજી વખત છે જ્યારે વડા પ્રધાન લોકડાઉન લાદ્યા બાદ વીડિયો લિંક દ્વારા મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા.આ અગાઉ મોદીએ ૨૦ માર્ચ અને ૨ એપ્રિલના રોજ મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી. કોરોના વાઈરસના સંક્રમણને અટકાવાવ માટે ૨૧ દિવસનું દેશવ્યાપી લોકડાઉન ૧૪મી એપ્રિલના રોજ પૂરું થવા જઈ રહ્યુ છે.અત્યાર સુધીમાં ૧૧માંથી ૧૦ રાજ્યોએ કેન્દ્ર સરકારને લોકડાઉન વધારવાની માંગ કરી છે. એવું માનવામાં આવે છે કે લોકડાઉન ૩૦ એપ્રિલ સુધીમાં દેશભરમાં લંબાવી શકાય છે. ૧૪ એપ્રિલ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કોરોનાને લઈને ચોથી વાર દેશને સંબોધન કરી શકે છે. મોદીએ ૨૪ માર્ચે પોતાના બીજા સંબોધનમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી હતી.

## મુખ્યમંત્રીશ્રીએ કોરોના વાયરસની મહાનગરોની સ્થિતીની સમીક્ષા માટે

# રાજ્યના ૮ મહાનગરોના મેયર-કમિશનર-સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન સાથે વિડીયો કોન્ફરન્સ યોજી

**★મુખ્યમંત્રીશ્રીના સૂચનો★**

★હોટસ્પોટ જાહેર થયેલા વિસ્તારમાં લોકોનું સંપૂર્ણ સ્કીનીંગ સર્વેલન્સ હાથ ધરાય

★મેયર-કમિશનર સહિત વધુમાં વધુ ૧૦ વ્યકિતનું ગૃપ નિયમીતપણે વિડીયો –ઓડિયો સંવાદથી મહાનગરની સ્થિતીની સમીક્ષા આરોગ્યલક્ષી જરૂરિયાત આયોજનની ચર્ચા-વિચારણા કરે-યોગ્ય પ્લાનિંગ કરે★

★શાકમાર્કેટ-કરિયાણા સ્ટોર્સ જેવા સોશિયલ ગેધરીગ વાળા સ્થળોએ લોકો વધુ ન જાય તે માટે હોમ ડિલીવરી વ્યવસ્થાઓનું સ્થાનિક તંત્ર આયોજન કરે★

★ભારત સરકારે ડેવલપ કરેલી આરોગ્ય સેતુ એપનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરી સ્વયં સતર્કતા કેળવે તે જોવા તાકિદ

ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના મહાનગરોમાં વધી રહેલા કોરોના વાયરસ સંક્રમણને પગલે આઠ મહાનગરોના મેયરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશ્નરો અને સ્ટેન્ડીગ કમિટી અધ્યક્ષો સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને સ્થિતીની જાણકારી મેળવી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ મહાનગરોમાં જે વિસ્તારોમાં કોરોના સંક્રમિત વ્યકિતઓની સંખ્યા વધારે છે તેવા હોટસ્પોટ જાહેર થયેલા વિસ્તારમાં લોકોનું સંપૂર્ણ સ્કીનીંગ અને સર્વેલન્સ થાય તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

તેમણે કહ્યું કે, શાકમાર્કેટ, કરિયાણા સ્ટોર્સ જેવા સોશિયલ ગેધરીગ વાળા સ્થળોએ લોકો ભેગા ના થાય તે માટે શહેરી સત્તાતંત્રો દ્વારા હોમ ડિલીવરી-ડોર ડીલીવરીનું વ્યવસ્થિત પ્લાનીંગ ગોઠવાય તો સોશિયલ ડિસ્ટન્સીગ જળવાશે અને લોકો પણ ઘરમાં જ રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા જેવા મહાનગરોમાં જ્યાં કોરોના પોઝિટીવ કેસ વધુ પ્રમાણમાં છે ત્યાંના સ્થાનિક તંત્રવાહકો સાથે તેમને હાથ ધરેલા સર્વેલન્સ, કવોરેન્ટાઇન ફેસેલીટઝ, સેનિટાઇઝેશન સહિતના પગલાંઓની ગહન ચર્ચાઓ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ મહાનગરોના મેયર-મ્યુનિસિપલ કમિશનર મળીને વધુમાં વધુ ૧૦ વ્યકિતઓનું ગૃપ બનાવી શહેરની સ્થિતીની સમીક્ષા તથા જરૂરી વ્યવસ્થાઓ-સૂચનો માટે નિયમીતપણે વિડીયો-ઓડિયો સંવાદ ટેકનોલોજીના ઉપયોગથી કરે તેવું પ્રેરક સૂચન કર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે આરોગ્ય સેતુ એપ જે કેન્દ્ર સરકારે ડેવલપ કરી છે તે એપ પણ આવા શહેરી ક્ષેત્રના નાગરિકો બહોળી સંખ્યામાં ડાઉનલોડ કરે તેવી જાગૃતિ માટે મહાનગરપાલિકાના તંત્રએ સઘન પ્રયાસો કરવા જોઇએ.

આ એપને પરિણામે આપણી આસપાસના કોરોના સંક્રમિત કે લક્ષણો ધરાવતી વ્યકિત-વિસ્તારની માહિતી મોબાઇલમાં તૂરત જ આવી જતી હોવાથી તકેદારીના પગલાં સ્વયં લઇ શકાય છે.

મુખ્યમંત્રીશ્રીએ જે મહાનગરોએ મોબાઇલ કલીનીકની વ્યવસ્થાઓ ઊભી કરી છે તે મોબાઇલ કલીનીક શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જઇને સારવાર-સુશ્રુષા માટે ઉપયોગી બને તે અંગે પણ સૂચન કર્યુ હતું.

તેમણે સર્વેલન્સ કરવા જતા આરોગ્યકર્મીઓ ઉપર હુમલાની ઘટનાઓ સામે સરકાર કડકાઇથી પેશ આવશે તેવો નિર્દેશ આપવા સાથે જે-તે વિસ્તારના સ્થાનિક આગેવાનો સર્વેલન્સમાં હેલ્થ સ્ટાફ સાથે જોડાય તો સર્વેલન્સ સ્ટાફને સલામતિ અને સરળતા રહેશે તેવો અનુરોધ કર્યો હતો.

શ્રી વિજયભાઇ રૂપાણીએ મહાનગરોમાં વસતા નિરાધાર, વૃદ્ધ, નિ:સહાય એકલવાયું જીવન જીવતા વ્યકિતઓ, શ્રમિકોને ભોજન-ફૂડ પેકેટસ પહોચાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંગઠનો જાય છે તેના સ્થાને મહાપાલિકા દ્વારા કોઇ સેન્ટ્રલાઇઝડ વ્યવસ્થા થાય તે જોવાની પણ પ્રવર્તમાન સ્થિતીમાં તાકીદ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી મૂકેશ પૂરી તેમજ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી મનોજકુમાર દાસ આ વિડીયો કોન્ફરન્સમાં જોડાયા હતા.



ચાણસ્મા તાલુકા માં જીલ્લા પ્રા.શિક્ષણાધિકારી પાટણ ની સૂચના અનુસાર કોરોના ની મહામારી અને લોકડાઉન અંતર્ગત ચાણસ્મા તાલુકા ના પ્રા.શિક્ષકો ની પાસે રાશન ની એક કીટ ટહેલ નાખવામાં આવેલ તેને પ્રા.શિક્ષકો એ સહર્ષ વધાવી લીધેલ. તેની આશરે એક કીટ ની કિંમત ૫૦૦ રૂપિયા આસપાસ થાય આ મુજબ કીટ તૈયાર કરી ૫૦૦ કીટ બીઆરસી ભવન ખાતે એકઠી કરી તાલુકા ના તમામ સીઆરસી મારફતે તેનું દરેક ગામે શિક્ષકો મારફતે યાદીમુજબ બંને શિક્ષક સંઘના પ્રતિનિધિ સાથે રાખી વિતરણ કરવામાં આવેલ. અને ખરા લાભાર્થીઓને તેનો લાભ મળે તેવું આયોજન તાલુકા પ્રા.શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવેલ. આ વખતે સોશિયલ ડિસ્ટન્સ નું પણ ખાસ ધ્યાન રાખવામાં આવેલ તેવું જાણવા મળેલ છે. નિખિલ જોષી જેવા.નિખિલ જોશી.ચાણસ્મા

# આગામી ૪ દિવસમાં રાજ્ય સહિત અમદાવાદમાં ગરમીનો પારો વધવાની શક્યતા

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં એક બાજુ લોકડાઉન ચાલું રહ્યું છે તો બીજી બાજુ કોરોના વાયરસ પોતાનો કાળો કહેર વર્તાવી રહ્યો છે. ગુજરાતમાં કોરોના વાયરસનું એપી સેન્ટર અમદાવાદ બન્યું છે. ત્યારે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. લોકડાઉનના કારણે પર્યાવરણ સ્વચ્છ થઈ ગયું છે. કુદરતના ખોળે રમતી પ્રકૃતિ હાલ સોળે કળાએ ખીલી ઉઠી હોય તેવી રીતે ફાલી છે. તેની અસર હાલ અમદાવાદમાં પણ જોવા મળી રહી છે. અમદાવાદમાં હાલ ગરમીની સીઝન ચાલું થઈ ગઈ છે. અમદાવાદમાં હાલ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી ચૂક્યો છે, તેમ છતાં રાજ્ય સહિત શહેરમાં ગરમીનો અહેસાસ જોવે તેટલો થઈ રહ્યો નથી. એક રીતે કહીએ તો તાપમાનની અસર શહેરમાં વર્તાઈ રહી નથી. આ થવા પાછળ પ્રદૂષણ જવાબદાર છે. શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ નહીંવત બનતા શહેરોમાં ગરમી ઘટી ગઈ છે. તેમ છતાં હવામાન વિભાગે મોટી આગાહી કરી છે કે આગામી ૪ દિવસમાં રાજ્ય સહિત અમદાવાદમાં ગરમીનો પારો હજૂ વધશે.હવામાન વિભાગના મતે આગામી ૪ દિવસમાં ગરમીનો પારો ૪૦થી કૂદીને સીધો ૪૨થી ૪૩ પર જઈ શકે છે. હાલ લોકડાઉનના કારણે ઉદ્યોગો બંધ છે, વાહનો અને કારખાનામાંથી નીકળતા ધુમાડાથી ફેલાતું પ્રદૂષણ ઘટતા આ અસર જોવા મળી રહી છે. જેથી શનિવારથી અમદાવાદમાં ગરમીનો પારો વધીને ૪૧ અને આગામી ત્રણ દિવસમાં ૪૨ ડિગ્રીને પાર કરી જાય તેવી શક્યતા છે. સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી અને અમદાવાદમાં ૪૨ ડિગ્રી પાર કરી જશે, તેમજ સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં હિટવેવનું મોજુ ફરી વળવાની પ્રબળ શક્યતા છે.લૉકડાઉનથી શહેરમાં પ્રદૂષણ ઘટતા વાતાવરણમાં ભળતા કાર્બન ડાયોકસાઇડ, કાર્બન મોનોકસાઇડ, નાઇટ્રેટ ઓક્સાઇડ અને ઓઝોન જેવા ઝેરી વાયનું પ્રમાણ એકદમ ઘટી જતાં એર કવોલીટીમાં સુધારો થયો છે. આ ઝેરી વાયુ વાતાવરણમાં ભળવાથી ગરમીમાં વધારો થતો હોય છે, જ્યારે છેલ્લાં ૧૨ દિવસથી વાહનો અને કારખાનાઓ બંધ હોવાથી ઝેરી વાયુનું પ્રમાણ ઘટી ગયું છે. તેમજ રાજ્યમાં સુકા પવનો વચ્ચે ભેજમાં ઘટાડો થતાં ગરમી હોય તેટલી અનુભવાતી નથી, જેને રિયલ ફિલ'કહે છે. ગત ૮ એપ્રિલે દિવસભરના વાતાવરણની વાત કરીએ તો, અમદાવાદમાં ભેજનું પ્રમાણ ૪૬ ટકા હતું, જે ઘટીને ૧૦ એપ્રિલે ૨૧ ટકાએ પહોંચ્યું છે, જેથી ગરમી હોવા છતાં બફારાનો અનુભવ થતો નથી. વાતાવરણ સૂકું રહેતાં ભેજના પ્રમાણમાં ઘટાડો થતાં બફારામાં ઘટાડો થતાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી હોવા છતાં ગરમીની અસર વર્તાતી નથી.

# ગુજરાતના પાંચ શહેરોના ૨૨ કોરોના ચેપગ્રસ્ત વિસ્તારમાં ૧ લાખ જેટલા લોકોને કરાયા લોક

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં અમદાવાદ, સુરત, ભાવનગર, વડોદરા અને રાજકોટમાં ૨૨ વિસ્તારને ક્લસ્ટર કરવામાં આવ્યા છે. જેમાં ૯૮,૪૦૧ એક લોકોને લોક કરવામાં આવ્યા છે. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૨૨૮ કેસ નોંધાઈ ચુક્યા છે જેમાંથી ૧૦ દર્દી સાજા થયા છે જ્યારે ૭ લોકોના મોત થઈ ચુક્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૪ વિસ્તારમાં ૨૨, ૫૨૫ લોકોને લોક કરવામાં આવ્યા છે. આ વિસ્તારને ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ કરવામાં આવ્યા છે. અહીં હોલ્થ વિભાગની ૩૪ ટીમ મોનિટરીંગ કરી રહી છે. જેમાં ૧૪ ર્સ., ૧૪ સુપરવાઈઝર, પેરામેડિકલ સ્ટાફના ૬૮ એમ કુલ ૨૯૦ લોકોની ૯૬ ટીમ છે.

સુરતમાં ૨૮ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૪ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ૫ લોકો સાજા થઈ ગયા છે. સુરત કોર્પોરેશનમાં ૨ વિસ્તારમાં ૩૨,૫૩૫ લોકોને લોક કરવામાં આવ્યા છે એટલે કે, ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ જાહેર કરવામાં આવ્યા છે. અહીં ૪૯ ટીમમાં દ્વારા મેગા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો છે જેમાં ૩ ર્સ, ૧૨ સુપરવાઈઝર, ૯૮ પેરામેડિકલ એમ કુલ ૧૧૩ લોકો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.

ભાવનગરમાં કોરોનાના ૨૩ કેસ સામે આવ્યા છે જેમાંથી ૨ લોકોના મોત થઈ ચુક્યા છે. ભાવનગરમાં પણ ૨ દર્દી દવા બાદ સાજા થઈ ચૂક્યા છે. ભાવનગરમાં ૨ વિસ્તારમાં ૩૭,૭૩૮ લોકોને લોક કરવામાં આવ્યા છે. અહીં ૨૯ હેલ્થ ટીમ દ્વારા યુધ્ધના ધોરણે કામ થઈ રહ્યુ છે જેમાં ૩ એમ ઓ, ૪ સુપરવાઈઝર, ૨૯ પેરામેડિકલ સ્ટાફ એમ કુલ ૩૬ લોકો કામ કરી રહ્યા છે.

વડોદરામાં ૭૭ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૨ના મોત થઈ ગયા છે અને ૭ દર્દી સાજા થઈ ચુક્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨ વિસ્તારમાં ૫,૧૦૨ લોકોને ક્લસ્ટર ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં ૧૬ ટીમ દ્વારા કામ થઈ રહ્યુ છે. આ ટીમમાં ૨ એમ.ઓ, ૩ સુપરવાઈઝર અને ૧૬ પેરામેડિકલ એમ કુલ ૨૧ લોકો કામ કરી રહ્યા છે. રાજકોટમાં ૧૮ કેસ નોંધાયા છે. જેમાં ૪ લોકો સાજા થઈ ચુક્યા છે હજુ સુધી એક પણ મોત નોંધાયુ નથી. રાજકોટ મનપામાં ૨ વિસ્તકારમાં ૫૦૧ લોકોને ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ કરવામાં આવ્યા છે. અહીં ૧૦ ટીમ કામ કરી રહી છે જેમાં ૨ એમઓ, ૨ સુપરવાઈઝર અને ૨૦ પેરામેડિકલ સ્ટાફ મળીને કામ કરી રહ્યો છે.

# ચિલોડા પાસે સરકારી ગાડીમાંથી ૧૨ બોટલ દારૂ સાથે ૩ નબીરાઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૧

લોકડાઉન વચ્ચે ચિલોડા સર્કલ પાસેથી સરકારી ગાડીમાં દારૂનો જથ્થો લઈને નીકળેલા ત્રણ શખ્સો ઝડપાયા છે. પીઆઈ એચ. એ. જાડેજાના માર્ગદર્શનમાં પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે કો.રમેશકુમાર મનુભાઈને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. પોલીસે ગુરૂવારે રાત્રે ૧૧ વાગ્યે દહેગામ તરફથી આવેલી GJ-18-G-2270 નંબરની સરકારી ટવેરા ગાડી ઝડપી પાડી હતી. જેમાં તપાસ કરતાં વિદેશી દારૂની પેટી મળી આવી હતી. જેને પગલે પોલીસે ગાડીમાં બેઠેલા ત્રણ શખ્સો હિતેશભાઈ યશવંતભાઈ બારોટ (૪૦ વર્ષ, દિવ્યશક્તિ-૨, દહેગામ), ઈન્દ્રસિંહ સેંધાજી વાઘેલા (૩૫ વર્ષ, અંબિકાનગર, લેકાવાડા) તથા રાજેન્દ્રસિંહ અજીતસિંહ વાઘેલા (લેકાવાડા)ની ધરપકડ કરી હતી.પોલીસે ૨.૫૦ લાખની ગાડી, ૬૩૭૨ની કિંમતનો દારૂ અને ૩ મોબાઈલ મળી ૨.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેય સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001